**સેશન્સ કેસ નંબરઃ– પર/૨૦૧૮**
**આંક –૯૮**

| સેશન્સ કેસ નંબરઃ– પર/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 12 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | સજજનસિંહ અગરસિંહ ચૌહાણ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9426522734 |
| ઉંમર આશરે | ૬ર | વરસની | ધંધો | નિવૃત(મામલતદાર, કાંકરેજ) |
| રહેવાનુ | હિંમતનગર તા.હિંમતનગર | | ડીસ્ટ્રીકટ | સાબરકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | સી.જી.રાજપુત |

(૧) હું છેલ્લા ત્રણવર્ષથી મારી ફરજ ઉપરથી વયનિવૃત થયેલ છું. સદર જાહેરનામુ બહાર પડયુ તે સમયે હુ કાંકરેજ મામલતદાર તરીકે મારી ફરજ ઉપર હતો. વિધાનસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે આદર્શ આચાર સંહીતા અમલમાં આવતા મહે. જીલ્લા મેજી. બનાસકાંઠા શ્રી. આર.જે.માંકડીયા સાહેબે બહાર પાડલું. જે જાહેરનામું તા.૨૫/૧૦/૧૭ થી તા.૨૦/૧૨/૧૭ સુધીના સમયગાળા માટે અમલમાં હતું. જે દરમિયાન બનાસકાંઠા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાઈ રહે તે હેતુથી મહે.જીલ્લા મેજી. બનાસકાંઠા સાહેબે આ જાહેરનામું બહાર પાડેલુ. જે જાહેરનામાની પ્રસિધ્ધી થરા,શિહોરી તથા શિહોરી પોલીસ સ્ટેશન તથા તમામ એકઝી.મેજી.તથા તમામ એસ.ડી.એમ. તથા તમામ વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી તથા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પોલીસ અધિક્ષકશ્રી પાલનપુર સદર જાહેરનામું જાહેરનોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલુ હતું.જે જાહેરનામાનો નં.ડી/એમ.એ.જી/૧/વી.સાચુ/જાના/૧૧ ૫/વશી/૮૮૬૬–૮૯૩૧/૧૭ તા.૨૫/૧૦/૨૦૧૭ છે.

મને માર્ક:૭/૧૪ વાળુ(જાહેરનામાનો નં.ડી/એમ.એ.જી/૧/વી.સાચુ/જાના/૧૧

સાહેદની સહી............................

૫/વશી/૮૮૬૬-૮૯૩૧/૧૭ તા.૨૫/૧૦/૨૦૧૭) જાહેરનામું બતાવવામાં આવે છે, જેમાં જીલ્લા મેજી. બ.કાં. શ્રી આર.જે.માંકડીયા સાહેબની સહી છે, જે ઓળખી બતાવુ ં, જેને રજુ દાખલ <u>આંક:૯૯</u> આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.વી.પી.વાઘેલા અને એન.એ.સોલંકી..</u>**

(૨) એ વાત ખરી નથી કે મે જાહેરનામાની કોઈ જગ્યાએ પ્રસિધ્ધી કરેલ નથી. એ વાત ખરી નથી કે જાહેરનામાની નોટીસ અમારે સરકારી કચેરીઓમાં બોર્ડ ઉપર લગાવાની હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે માત્ર પોલીસ સ્ટેશન અને અમારી કચેરીએ લગાવાની હોય છે. એ વાત ખરી નથી કે આવી કોઈ નોટીસની પ્રસિધ્ધી કરેલ ન હોય છતા ખોટી હકીકત જણાવુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૬/૧૦/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી..............................